# કમાટીબાગ ઝુમાં ઈમુ પક્ષીના ઘરે ચાર બચ્ચાનું આગમન



સયાજીબાગ ઝૂમાં દીપડાના બચ્ચાંઓના આગમન બાદ આજકાલ સયાજીબાગ ઝૂનો સ્ટાફ ઈમુના બચ્ચાં માટે ખૂબ હરખઘેલો છ. મૂળે ઓસ્ટ્રેલીયના આ પખીની બેલડીનો સયાજીબાગ ઝૂમાં ચાર બચ્ચા સાથે હર્યો ભર્યો પરીવાર થઇ ગયો છે.

લગભગ પાંચથી છ ફૂટ ઉંચાઇનો નર ઈમુ તેના નાનકડા ચાર બચ્ચાંના પરિવાર સાથે મોજથી જીવન પસાર કરી રહ્યો છે. જોકે આ બચ્ચાની માતાને તેનાથી અલગ પાંજરામાં રાખવામાં આવી છે. ઈમુ પંખીઓની બીજી વિશેષતા એવી છે કે, ઈમુના ઈંડાને સેવાનું કામ માદા ઈમુ નહી પણ નર ઈમુ કરે છે. નર ઈમુ દસ પંદર દિવસ નહી, પૂરા પંચાવન દિવસ સુધી ઈંડા પર આખો દિવસ બેસી રહે છે.

સયાજીબાગમાં ઈમુના બચ્ચાઓને હજી તેની માતાને ચાર મહિના સુધી મળવાની મંજુરી મળશે નહી. હાલમાં બચ્ચાઓ કેળા, દાડમ, મોસંબી જેવા ફ્રૂટ અને ઘઉ, મકાઇ અને બાજરીની દણ આરોગે છે.ચાર મહિના બાદ તે કદમાં મોટ થતા પોતાની મમ્મીને મળવા દેવાશે. ઓસ્ટ્રેલીયામાં તો ઈમુની દૌડ હરીફાઇ ખૂબ જ લોકપ્રિય છે.

### ઈમુ પંખીની વિશેષતા



- માદા એક સાથે દસથી વીસ ઈંડા આપે છે.
- ઈંડાનું સેવન માદા નહીં, નર કરે છે.
- ઈંડાના સેવન બાદ માદાને ઈંડાથી અલગ રાખવામાં આવે છે.
- માદા ઈમુ પોતાના જ ઈંડાને ખાઇ જાય છે.
- માદા ઈમુ પોતાના નાનકડા બચ્ચા પર હુમલો પણ કરે છે.
- નર ઈમુને ઈંડા સેવતા ૫૫ દિવસ થાય છે.
- શા માટે માતાને બચ્ચાઓથી અલગ રાખવામાં આવે છે?
- ઈમુની માદા ઈંડા મૂક્યા બાદ ઈંડાને ખાઇ જવાની, તોડી નાખવાની વૃત્તિ ધરાવે છે. તેથી બચ્ચા ચાર પાંચ મહિના બાદ તેની માતાને મળે છે.

### ઈલેક્ટ્રોનિક ગેસ લાઇટરમાં બેટરી હોતી નથી, વીજળીનું કનેક્શન પણ હોતું નથી. કોઇ બીજો પાવર સપ્લાય હોતો નથી. તા પછી ચૂલો સળગાવા માટેનો તણખો શી રીતે ઝરે છે?

ઈલેક્ટ્રોનિક ગેસ લાઇટરને સામાન્ય પાવર સપ્લાય આપવો પડતો નથી કેમ કે જે વ્યક્તિ આવુ સાધન વાપરતી હોય એ જ તેને પોતાની આગળી કે અંગુઠા વડે પાવર આપે છે! લાઇટરમાં રહેલા સ્ફટિકના ટુકડાને અમુક હદનું દબાણ મળે ત્યારે પિઝોઇલેક્ટ્રીક ઇફેક્ટ કહેવાતી અસરને લીધે વીજળીનો તણખો પેદા થાય છે. (પિઝો શબ્દ ગ્રીક ભાષાનો છે જેનો અર્થ છે-દાબવું) સ્ફટિકોને અપાતુ દબાણ તેના પોઝિટિવ તથા નેગેટિવ વીજભારનાં આયનોને છૂટા પાડે છે. બેટરીની જેમ સ્ફટિકમાં પણ બંને વીજભારનું પ્રમાણ એક સરખું હોતું નથી, એટલે તેમના વચ્ચે સમતુલા પેદા કરવા માટે કરન્ટ ઓછા વીજભાર તરફ વહે છે. ટૂંકમાં, વિજળીનો સ્પાર્ક જન્મે છે અને તે પણ અનેક વોલ્ટ જેટલો! દા.ત સ્ફટિકના ૧ ચો.સેમીના ટુકડાને ૪૫ કિલોગ્રામનું દબાણ અપાય તો એ ૨૫,૦૦૦ વોલ્ટ જેટલી વીજળી ક્ષણવાર માટે છૂટી કરે છે! અના કરતા તો ક્યાંય ઓછી વિજળી ચૂલાના બર્નરને પેટાવવા માટે પુરતી છે.



## ઉનાળાના આકરા તડકામાં પશુ પક્ષીઓને પાણી પીવડાવીને માનવતાનું કાર્ય કરો

પોતાની સગવાને ધ્યાનમાં રાખવા સાથે ક્યારેક બીજા વિષે પણ વિચારો, તેમને પારકા માનીને બેદરકાર ન બનો.

આ ઉનાળામાં પક્ષીઓ માટે પાણી ભરેલા કુંડા આપની અગાસીમાં મુકવાનું ભૂલશો નહિં. ઘરની અગાશી કે બાલ્કનીના બહારના ભાગમાં પશુ-પક્ષીઓ માટે પાણી ભરીને રાખી શકો છો. તેનાથી આવતા જતા પશુ-પક્ષીઓ પોતાની તરસ છીપાવી શકશે. પશુઓ માટે પાણીથી ભરેલા કુંડની સુવીધા ઉભી કરો, તેમજ પક્ષીઓ માટે વૃક્ષો પર પાણીનો કુંડ મુકો. આવો, મિત્રો આપણે પણ પશુ પક્ષીઓની ઉનાળાના આકરા તડકા સામે રક્ષણ કરવા મદદ કરીએ તથા આપના સ્નેહી-સંબંધીને પણ માહિતગાર કરશો.

## સયાજીબાગ

રાજા રજવાડાનું નામ આવે એટલે વડોદરા નગરી યાદ આવે, વડોદરા એક સંસ્કારી નગરી તરીકે આળખવામાં આવે છે. ગુજરાતમાં જો કોઇ કલા અને સાહિત્યમાં, ઉધોગના વિકાસમાં કે શૈક્ષણિક સંસ્થાઓના વિકાસમાં નામ લેવામાં આવે તો જરૂર વડોદરાનું નામ પ્રથમ કક્ષામાં આવે. જેમાં લક્ષ્મિવિલાસ પેલેસ, ન્યાયમંદિર, માંડવી અને ચાર



દરવાજા, કીર્તી મંદિર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી જેવા સ્થાપત્યો બેનમૂન છે. જેમાં બેનમૂન શિલ્પોથી સજાવેલ સયાજીબાગનું નિર્માણ ખૂબ જ વડોદરાવાસીઓ માટે આકર્ષણરૂપ છે.

સયાજીબાગનું સર્જન ઈ.સ.૧૮૭૬માં તે સમયે છ લાખના ખર્ચે થયું હતું. તેના માટે ઓસ્ટ્રેલિયાથી કન્સલ્ટન્ટ બોલવવામાં આવેલ અને ઈ.સ ૧૮૮૯માં વડોદરાવાસીઓ માટે ખુલ્લુ મૂકવામાં આવેલ. આ બગીચામાં ૮૫ એકમાં ઉધાન અને ૧૫ એકરમાં પ્રાણી સંગ્રહાલય આવેલું છે. પ્રાણી સંગ્રહાલયમાં પણ જુદા જુદા પ્રદેશના પંખીઓ, પ્રાણીઓ અને જળચર જીવો વગેરેનો સમાવેશ થાય છે. સયાજીબાગમાં પિક્ચર અને આર્ટ ગેલેરીમાં રાજવંશના શસ્ત્રો, અસ્ત્રો, પોષાકો તથા પૌરાણિક વસ્તુઓ મૂકવામાં આવેલ છે. સયાજીબાગની ગેલેરી અને ફતેસિંહ રાવ મ્યુઝિયમ બંનેમાં સમાનતા જોવા મળે છે. બગીચામાં આવેલ શિલ્પો રોમથી મંગાવવામાં આવેલ. એશિયાની મોટામાં મોટી ઘડિયાળ ૧૯૭૪માં મૂકવામાં આવેલ તેમજ ૧૯૦૩-૦૪માં મહારાજએ પોતાના સંતાનો માટે "ટાયટ્રેન" લાવેલ જે બાળકો મોટા થયા પછી પ્રજાવત્સલ રાજવીએ જાહેર જનતા માટે ૧૯૬૨માં ખુલ્લી મૂકવામાં આવેલ. સયાજીબાગમાં ૧૯૭૦માં એક પ્લેનેટોરીયમ બનાવવામાં આવેલ જેમાં ૨૦૦ જેટલા લોકો એક સાથે બ્રહ્માંડની જાણકારી મેળવી શકે છે. તેમજ ૨૦૦૨માં બનેલ એમ્ફિથિયેટરમાં ભારતના તમામ રાજ્યોના કલાકારો તેમજ જાદુગરો પોતાનું કર્તબ વડોદરાવાસીઓને બતાવી રહેલ છે. વળી મહાનગર પાલિકાની શાળઓનો બાળમેળો પણ સયાજીબાગને કલબલાટથી ભરી દે છે. માનવીની હાડમારીથી ભરેલી જીંદગીમાં તનાવમુક્ત થવા માટે સયાજીબાગ એક આશિર્વાદ સ્વરૂપે વડોદરા વાસીઓને મળેલ છે. આજે હજારો લોકો શાંતિ અને સ્વસ્થતા મેળવવા માટે મોર્નિંગ વોક, ઇવનીંગ વોક કરે છે. આમ, સેંકડો લોકોના સ્વાસ્થનો આધાર સયાજીબાગ છે.

# Quick Ways to Reduce Stress



Next time your stress levels hit critical levels, try one of these easy stress reduction tips.

Between meeting deadlines, making dentist appointments, and remembering to buy milk, it's easy for anyone to get stressed. But luckily, staying calm and peaceful no matter what is happening on the outside isn't as hard as it might sound.

Next time your stress levels are starting to hit critical levels, try one of these three easy de-stressing tips.

1. Close your eyes


Take a few moments to daydream. Picture yourself laying out on the beach or simply curled up reading a favorite book. By taking your mind and thoughts away from meeting that deadline, you will immediately feel a sense of calmness.

2. Just breathe

Taking full, deep breaths is an easy way to relax. Inhale and fill your belly with the breath, and then slowly let it out. Feel your chest and your belly release each time and see if you can breathe more deeply with each breath. Do this ten times.

3. Relax your muscles


In this exercise, focus on slowly tensing and then relaxing your muscles. If you're sitting at a desk, tighten your leg muscles for a few seconds and then release. Move slowly up your body, ending at your face. Or, you can begin with your face and shoulders and end at your toes.













Kindly send in your articles, contributions & achievements alongwith photographs to studentssamachar77@gmail.com or contact 7698019100 for any queries or to place your advertisement in Student Samachar

Publisher and Printer:Bakulesh Ramchandra Gupta on behalf of owner, BRG Education Institute. Printed at Bhaskar Printing Press, Plot No.805, Near Chhani Toll Naka, Vadodara-391 740 and published from "Sargam House", 4/8, Govardhan Appt., Nr.Utkarsh Petrol Pump, Karelibaug, Vadodara, Editor : Radhika R. Nair.
MD : Sargam Gupta, Director : Abhilasha Agrawal, Executive Editor : Dr. Nebu George, Associate Editors : Pinal Desai, Sharat Mathur, Sugandha Vaidya, Ragi Amit Patel, Krunal Dalal, Chirag Mehta